ખાણ ખનીજ વિભાગ નિદ્રામાં પોઢ્યુ | ખાખી પર ડમ્પર ચડાવવાનો પ્રયાસ કરનાર ભૂમાફિયા સામે પોલીસ લાચાર

ખેડા પંથકમાં ભૂમાફિયા બેફામ, 'રાજકીય આકા'ના એક ફોનથી ડમ્પર છોડી મુકાયું!

રાત્રિના જેસીબી અને ડમ્પરોથી માટી ચોરીનું મોટું કૌભાંડ

(પ્રતિનિધિ) ખેડા તા.૪

ખેડા શહેર અને તેની આજુબાજુના હદ વિસ્તારમાં રાત્રિના અંધારામાં ભૂમાફિયાઓ દ્વારા બેખોફ બનીને ગેરકાયદેસર માટી ખનનનું મસમોટું કૌભાંડ ચલાવવામાં આવી રહ્યું છે. તાજેતરમાં સ્થાનિક જાગૃત નાગરિકો અને પોલીસ દ્વારા રંગેહાથ પકડાયેલા માટી ચોરીના ડમ્પરને અટકાવવા જતાં ભૂમાફિયાઓએ હાજર પોલીસ કર્મચારીઓ પર જ ડમ્પર ચડાવી દેવાનો ખૌફનાક પ્રયાસ કર્યો હતો. જોકે, ચોંકાવનારી બાબત એ સામે આવી છે કે, પોલીસ પર જીવલેણ હુમલો કરવાનો પ્રયાસ થયો હોવા છતાં, ઉચ્ચ કક્ષાએથી આવેલા ભારે 'રાજકીય પ્રેસર' આગળ ઝૂકીને પોલીસે પકડાયેલું ડમ્પર વિના કાનૂની કાર્યવાહીએ છોડી મૂકવાની ફરજ પડી હતી.

ખેડા શહેર અને આજુબાજુની કિંમતી જમીનોમાંથી રાતોરાત લાખો રૂપિયાની માટી ચોરાઈ રહી છે. ભૂમાફિયાઓ દ્વારા ચલાવાતા આ વ્યવસ્થિત કૌભાંડ અંગે સ્થાનિક આગેવાનોને જાણ થતાં, તેમણે રાત્રિ દરમિયાન ખાણ ખનીજ વિભાગના અધિકારીઓને એક પછી એક ૩ વખત ફોન કર્યા હતા, પરંતુ અધિકારીઓએ એક પણ ફોન રિસીવ કરવાની તકલીફ લીધી ન હતી. આખરે સ્થાનિકોએ તાત્કાલિક ૧૧૨ નંબર પર સંપર્ક કરી પોલીસની મદદ માગતા કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. જ્યાં પોલીસની હાજરીમાં જ માટી ભરેલું ડમ્પર રોકનારા સ્થાનિક આગેવાનો, ડમ્પર ચાલક અને તેને છોડાવવા આવેલા ભૂમાફિયા વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ દરમિયાન ડમ્પર ચાલકે વાહન લઈને ભગાડી જવાનો પ્રયાસ કર્યો હતો. તેને રોકવા માટે આગળ આવેલા પોલીસ કર્મચારીઓ પર જ ભૂમાફિયા ચાલકે બેફામ બનીને ડમ્પર ચડાવી દેવાનો પ્રયાસ કરતાં તંગદિલી મચી ગઈ હતી. જોકે, ગાડી ચડાવવાનો પ્રયાસ કરનાર ડમ્પરને પોલીસે કબ્જે કરી પોલીસ સ્ટેશને લઈ જવાની તજવીજ હાથ ધરી હતી. પરંતુ, કાયદાના શાસન પર રાજકીય વર્ચસ્વ હાવી થઈ ગયું હોય તેમ, ઉચ્ચ સ્તરેથી આવેલા ભારે રાજકીય દબાણને કારણે પોલીસે પકડાયેલું ડમ્પર અને હુમલાખોરોને કોઈ પણ કાર્યવાહી વગર છોડી દેવા પડ્યા હતા.

કયા રાજકીય નેતાના ઇશારે આ ડમ્પર છોડાવવામાં આવ્યું ?

જો પોલીસ કર્મચારી પર ડમ્પર ફરી વળ્યું હોત અને કોઈ અણબનાવ બન્યો હોત તો તેનો જવાબદાર કોણ હોત? આવા રાજકીય પ્રોત્સાહનને કારણે ખેડા તાલુકામાં ભૂસ્તર વિભાગ અને પોલીસનો કોઈ ડર માફિયાઓમાં રહ્યો નથી. પ્રજાની જાગૃતિ વગર માફિયા તત્વો સામે સરકાર સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થઈ છે. સ્થાનિક રહિશોએ ઉગ્ર માંગ કરી છે કે ખાણ ખનીજ વિભાગ ઊંઘમાંથી જાગી રાત્રિ પેટ્રોલિંગ સઘન બનાવે.

આંગડિયાકમિશનબચાવવાનીલાલચમાંવેપારીસાથે૪૫લાખનીછેતરપિંડી

આંગડિયા પેઢીમાંથી ₹૪૪.૮૨ લાખ ઉપાડી ભાગેલા બે પકડાયાં

(પ્રતિનિધિ) આણંદ તા.૪

દિલ્હીથી મુંબઈ નાણાં ટ્રાન્સફર કરવાના બહાને મુંબઈના સ્ટીલ વેપારીને વિશ્વાસમાં લઈ આણંદ ગામડીવડ સ્થિત આંગડિયા પેઢીમાંથી ૪૪.૮૨ લાખ ઉપાડી છેતરપિંડી આચરનાર આંતરરાજ્ય ગેંગના બે સાગરીતોને આણંદ ટાઉન પોલીસે ગણતરીના કલાકોમાં ગ્રે કલરની કાર સાથે ઝડપી પાડ્યા છે.

મુંબઈના લોઅર પરેલ વિસ્તારમાં રહેતા અને 'સ્ટીલ ઈન્ડિયા' નામે વેપાર કરતા નરેન્દ્ર મફતલાલ શાહને નટવરલાલ નામના અજાણ્યા શખ્સે ફોન કરી આંગડિયા કમિશન બચાવવાની લાલચ આપી હતી. વેપારીએ તેના ઝાંસામાં આવી દિલ્હી ખાતે ફરજ બજાવતા પોતાના કર્મચારી નન્દુ તિવારી મારફતે ભારત પ્રવીણ આંગડિયા પેઢીમાં ૪૫ લાખ જમા કરાવ્યા હતા.

બાદમાં કાવતરાખોરે વોટ્સએપ પર ૧૦ની ચલણી નોટનો સીરિયલ નંબર મોકલી આ રકમ આણંદના ગામડીવડ સ્થિત શ્રી ગણેશ આંગડિયા પેઢીમાં ટ્રાન્સફર કરાવી લીધી હતી. જ્યાં દિનેશભાઈ નામના શખ્સે આ સીરિયલ નંબર બતાવી પેઢીમાંથી ૪૪.૮૨ લાખ રોકડા મેળવી લીધા હતા. મુંબઈમાં નાણાં ન પહોંચતા અને સામે પક્ષે ફોન સ્વિચ ઓફ આવતાં છેતરપિંડીનો અહેસાસ થતાં વેપારીએ આણંદ ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

આણંદ ટાઉન પોલીસે સીસીટીવી ફૂટેજ અને બાતમીના આધારે નેશનલ હાઈવે-૪૮ પર ગામડી ઓવરબ્રિજ પાસે વોચ ગોઠવી કાર (નંબર GJ-01-RC-2841)માંથી અનિલકુમાર ચમનલાલ મથવાણી (રહે. ધોળકા) અને અમિતકુમાર શંકરલાલ ખત્રી (રહે. વડોદરા) ને ઝડપી લીધા હતા. પકડાયેલા બંને આરોપીઓ અગાઉ સુરત ક્રાઈમ બ્રાન્ચમાં પણ આ જ મોડસ ઓપરેન્ડીથી છેતરપિંડી આચરવાના ગુનામાં પકડાઈ ચૂક્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

સરાડીયા ગામની પ્રજા પાણી માટે વલખાં મારવા મજબૂર !

વાળંદ ફળિયામાં પાઇપલાઇન નખાઈ પણ નળ ગાયબ

(પ્રતિનિધિ) વીરપુર તા.૪

મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકાની સરાડીયા ગ્રામ પંચાયત હેઠળ આવેલા માનાવત વાળંદ ફળિયામાં આજના આધુનિક યુગમાં પણ સ્થાનિકોને પીવાના પાણી જેવી પાયાની સુવિધા માટે ભટકવાનો વારો આવ્યો છે.

સરકાર દ્વારા દરેક ઘર સુધી નળ મારફતે પાણી પહોંચાડવાના મોટા દાવાઓ કરવામાં આવે છે, પરંતુ માનાવત વિસ્તારમાં 'નલ સે જલ' યોજના અંતર્ગત માત્ર પાઇપલાઇન જ નખાઈ છે અને હાલ નળ જ ગાયબ છે. આશરે ૧૪ મકાનો અને ૧૧૦ જેટલી વસ્તી ધરાવતા આ વિસ્તારમાં આજદિન સુધી નળમાંથી એક ટીપુંય પાણી મળ્યું નથી, જેના કારણે મહિલાઓને દરરોજ સવારથી જ પાણી માટે કિલોમીટરો દૂર સુધી પદયાત્રા કરવી પડી રહી છે. સરાડીયા ગ્રામ પંચાયત વિસ્તારમાં સરકારી યોજના માત્ર પાઇપલાઇન પૂરતી જ સીમિત રહી ગઈ હોવાનો ભારે રોષ ગ્રામજનો વ્યક્ત કરી રહ્યા છે. 'નલ સે જલ' યોજના હેઠળ કામગીરી કરવામાં આવી હોવા છતાં નળ જ ગાયબ હોવાથી આ કામગીરી કયા હેતુસર કરાઈ તેવો પ્રશ્ન ઉભો થયો છે. સ્થાનિકોનો સીધો આરોપ છે કે આ યોજના હેઠળ પાણીના નળમાંથી આજદિન સુધી પાણી મળ્યું જ નથી. આમ, પીવાના પાણીની કાયમી સુવિધા ન હોવાથી રોજિંદી જરૂરિયાત પૂરી કરવા માટે ગૃહિણીઓને કિલોમીટર દૂર સુધી પાણી ભરવા જવા મજબૂર બને છે.

સ્મોલ કોઝ કોર્ટને બદલે કલેક્ટર કચેરીના અધિકારીઓને સત્તા સોંપવા સામે વકીલોનો રોષ

આણંદ ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશન દ્વારા ભાડાવિધેયકની જોગવાઈનોવિરોધકરાયો

અદાલતી કામકાજથી અળગા રહી સ્વૈચ્છિક વિરોધ નોંધાવ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૪

ગુજરાત સરકાર દ્વારા પસાર કરવામાં આવેલા 'ગુજરાત ભાડા વિધેયક, ૨૦૨૬' અંતર્ગત ભાડા સંબંધિત તકરારોના નિરાકરણની સત્તા ન્યાયિક અદાલતો પાસેથી છીનવી વહીવટી અધિકારીઓને સોંપવાની જોગવાઈ સામે આણંદ ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશન દ્વારા ગંભીર વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો છે.

આ વિધેયકમાં ભાડા સંબંધિત વિવાદોના નિર્ણયની સત્તા અગાઉની સ્મોલ કોઝ કોર્ટ



જેવી ન્યાયિક સત્તાના બદલે ભાડા સત્તાધિકારીઓ જેવા કે એડિશનલ કલેક્ટર અને ડેપ્યુટી કલેક્ટર જેવા વહીવટી અધિકારીઓને સોંપવાની જોગવાઈ કરાઈ છે. ન્યાયિક સત્તા વહીવટી અધિકારીઓને સોંપવાના આ નિર્ણયથી વકીલો, પક્ષકારો તેમજ સામાન્ય જનતાના ન્યાય મેળવવાના મૂળભૂત અધિકાર અને ન્યાયિક પ્રક્રિયા પર વિપરીત અસર થવાની સંભાવના અંગે બાર એસોસિએશને ચિંતા વ્યક્ત કરી છે. આ જોગવાઈ સામે સમગ્ર ગુજરાતના વકીલોમાં વિરોધનો સૂર ઉઠ્યો છે. તેના અનુસંધાને આણંદ ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશન દ્વારા ૩જી ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ તેમજ અગાઉથી નક્કી કરાયેલી પાંચમી ઓક્ટોબરના રોજ વિરોધ ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. આ વિરોધના ભાગરૂપે આણંદ જિલ્લાની વિવિધ કોર્ટમાં વકીલો સ્વૈચ્છિક રીતે અદાલતી કામકાજથી અળગા રહ્યા હતા. આ વિરોધનો મુખ્ય હેતુ ભાડા તકરારોનું નિવારણ યોગ્ય ન્યાયિક વ્યવસ્થા હેઠળ જળવાય અને પક્ષકારોને યોગ્ય ન્યાય મળે તે સુનિશ્ચિત કરવાનો છે.

આ વિરોધ પ્રદર્શનમાં આણંદ ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશનના પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી, તમામ હોદ્દેદારો તેમજ સિનિયર, જુનિયર અને મહિલા એડવોકેટ્સ ઉપસ્થિત રહ્યાં હતાં.

આણંદનાબાગાયતીખેડૂતોમાટે આઈ-ખેડુત પોર્ટલ ખુલ્લું મુકાયું

સહાય યોજનાઓ માટે ૧૫મી ઓક્ટોબર સુધી ઓનલાઈન અરજી કરી શકાશે

(પ્રતિનિધિ) આણંદ તા.૪

આણંદ જિલ્લામાં બાગાયતી પાકોની ખેતી કરતા અને કરવા માંગતા તમામ ખેડૂતોને બાગાયત ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓનો લાભ પહોંચાડવા માટે i-Khedut પોર્ટલ ખુલ્લું મુકવામાં આવ્યું છે. નાયબ બાગાયત નિયામકશ્રીની સત્તાવાર યાદી અનુસાર, વર્ષ ૨૦૨૬-૨૭ માટે ખેડૂતો તા. ૧૫મી ઓક્ટોબર ૨૦૨૬ સુધીમાં પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી શકશે.

બાગાયત ખાતા દ્વારા જાહેર કરાયેલી યોજનાઓ હેઠળ તમામ જાતિના ખેડૂતો માટે બહુસ્તરીય પદ્ધતિથી ફળ પાકોનો વાવેતર વિસ્તાર વધારવા તેમજ ફળપાકોમાં ફિલ્ડ કવર થકી ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવવાના કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, માત્ર અનુસૂચિત જાતિના ખેડૂતો માટે રાઈઝોમેટીક (આદુ અને હળદર) ખેતીને પ્રોત્સાહન આપવાનો વિશેષ કાર્યક્રમ પણ અમલમાં મુકાયો છે.

આ યોજનાઓનો લાભ મેળવવા માટે ખેડૂતોએ નવીન આઈ-ખેડુત પોર્ટલ ૨.૦ પર સૌપ્રથમ ફરજિયાત નોંધણી કરાવવાની રહેશે. બાદ ઓનલાઈન અરજી કરી જરૂરી દસ્તાવેજો અપલોડ કરીને અરજી કન્ફર્મ કરવાની રહેશે. કન્ફર્મ થયેલી અરજીની પ્રિન્ટ ખેડૂતોએ પોતાની પાસે રાખવાની રહેશે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

બેન્ક ઓફ બરોડાની ઝોનલ ઓફિસ ખાતે હિંદી માહ નિમિત્તે પુરસ્કાર વિતરણ સમારોહ યોજાયો

આણંદ | બેંક ઓફ ઇન્ડિયા, વડોદરા ઝોનલ ઓફિસ ખાતે ઝોનલ મેનેજર વિવેક તિવારીની અધ્યક્ષતામાં અને ડેપ્યુટી ઝોનલ મેનેજર નદીમ રિયાઝ અંસારીની હાજરીમાં હિંદી માહ પુરસ્કાર વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહ દરમિયાન ઝોનલ મેનેજર વિવેક તિવારીએ બેંકના તમામ સ્ટાફ સભ્યોને હિંદી ભાષાનો અસરકારક રીતે પ્રચાર અને પ્રસાર કરવાનો સંકલ્પ લેવડાવ્યો હતો. હિંદી મહિના દરમિયાન યોજાયેલી વિવિધ સ્પર્ધાઓના વિજેતા સ્ટાફ સભ્યોને ઇનામ તથા પ્રમાણપત્રો આપીને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.



આણંદની જાગનાથ ગુરુકુળની અંડર-14 બહેનોની ખો-ખો ટીમે ત્રીજો નંબર મેળવ્યો

આણંદ | બ્રહ્મલીન 1008 રમેશપુરી મહારાજની પ્રેરણા તથા મહંત 108 શુભમપુરી મહારાજના આશીર્વાદથી સંચાલિત જાગનાથ મહાદેવ ગુરુકુળની ટીમે રમતગમતમાં ગૌરવપૂર્વક દેખાવ કર્યો છે. ખેલ મહાકુંભ 2026 અંતર્ગત કરમસદ આણંદ મહાનગરપાલિકા ઝોન-4 કક્ષાની સ્પર્ધામાં શાળાની અંડર-14 બહેનોની ખો-ખો ટીમે ત્રીજો નંબર પ્રાપ્ત કર્યો છે. વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ શાળાના આચાર્યશ્રી તથા શાળા પરિવાર દ્વારા વિજેતા ટીમને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે. આ સફળતામાં માર્ગદર્શન આપનાર શાળાના વ્યાયામ શિક્ષક હિતેશભાઈ વાઘેલાને પણ વિશેષ અભિનંદન પાઠવ્યા છે.



ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

બાલાસિનોરના જોરાપુરા ખાતે ૭૭મા તાલુકા કક્ષાના વન મહોત્સવની ઉજવણી યોજાઈ

બાલાસિનોર | 'વધુ વૃક્ષ વાવીને હરિયાળુ ગુજરાત બનાવીએ'ના સંકલ્પ સાથે મહીસાગર પાવર સ્ટેશન નજીક જોરાપુરા ખાતે બાલાસિનોર તાલુકા કક્ષાના ૭૭મા વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. સામાજિક વનીકરણ વિભાગ, ગોધરા દ્વારા આયોજિત આ વૃક્ષારોપણ કાર્યક્રમ બાલાસિનોરના ધારાસભ્ય માનસિંહજી ચૌહાણના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે પ્રાંત અધિકારી મિતેશભાઈ વસાવા, તાલુકા વિકાસ અધિકારી અવનીબેન તાવિયાડ, તાલુકા પંચાયત પ્રમુખ રાજેન્દ્રસિંહ સોલંકી અને વન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સરપંચ રસીલાબેન પટેલ, સરસ્વતી હાઇસ્કૂલના બાળકો તથા ગ્રામજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.



નડિયાદ ખાતે 'એક દિવસ, એક કલાક, એક સાથે' અંતર્ગત સઘન શ્રમદાન કાર્યક્રમ યોજાયો

નડિયાદ | નડિયાદ બસ સ્ટેશન ખાતે "એક દિવસ, એક કલાક, એક સાથે" કાર્યક્રમ હેઠળ વિશેષ શ્રમદાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ડેપોના સ્ટાફગણે સામૂહિક રીતે ૧ કલાક શ્રમદાન આપી બસ સ્ટેશન અને ડેપો પરિસરની સઘન સફાઈ કરી હતી. આ શ્રમદાન યજ્ઞમાં સરદાર યુથ ક્લબ, નિરાંત સેવાશ્રમના પ્રમુખ બીપીનભાઈ વકીલ અને તેમની ટીમ તથા નાગરિકો જોડાયા હતા. આ કાર્યક્રમમાં ડેપો મેનેજર કે. કે. પરમાર, રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શિક્ષક ગોરધનભાઈ પ્રજાપતિ અને સંગઠનોના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે 'એનર્જી કન્ઝર્વેશન અવેરનેસ' વિષય પર વર્કશોપ યોજાયો



આણંદ | ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ વિભાગ દ્વારા GEDA ના સહયોગથી 'એનર્જી કન્ઝર્વેશન અવેરનેસ' વિષય પર એક દિવસીય વર્કશોપનું આયોજન કરાયું હતું. આ વર્કશોપમાં ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના તૃતીય અને અંતિમ વર્ષના આશરે ૮૦ વિદ્યાર્થીઓ તથા ૧૦ ફેકલ્ટી સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આઇઆઇટી ગાંધીનગરના ધ્રુવિત પટેલ અને તેમની ટીમે વિદ્યાર્થીઓને ઊર્જા સંરક્ષણ, એનર્જી ઓડિટ અને ટકાઉ ઊર્જા વ્યવસ્થાપન જેવા વિષયો પર માર્ગદર્શન આપ્યું હતું.

ચરોતર ઇંગ્લિશ મીડિયમ સ્કૂલના વિદ્યાર્થીઓ ખેલ મહાકુંભમાં ઝળક્યાં

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત ચરોતર ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, આણંદના વિદ્યાર્થીઓએ રામપુરા ખાતે યોજાયેલી ખેલ મહાકુંભ ૨૦૨૬-૨૭ની અંડર-૧૪ અને અંડર-૧૭ એથ્લેટિક્સ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. આ સ્પર્ધામાં શાળાના ચાશ્ચી બી. પટેલ, નૈતિક કે. સોની, નિકુલ કે. ડામોર, હર્ષિત આર. ઝાલા અને આરવ ડી. પટેલે પ્રથમ ક્રમ મેળવી ગૌરવ વધાર્યું હતું. આ ઉપરાંત સૌમ્યા તડવી, દિત્યા અમીન, હર્ષિવ પટેલ અને મેશ્વા ચાવડાએ દ્વિતીય ક્રમ તેમજ કૃશા પટેલ, સંજના વેરાટ અને શીતલ ભરવાડે તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો.



આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે 'પ્રાકૃતિક કૃષિ' તાલીમ કાર્યક્રમમાં ૩૯ ખેડૂતોએ ભાગ લીધો

આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટીના એગ્રોનોમી વિભાગ દ્વારા કુલપતિ ડો. એમ. પી. પટેલના અધ્યક્ષસ્થાને ૫ દિવસીય પ્રાકૃતિક કૃષિ તાલીમ યોજાઈ, જેમાં આણંદ અને મહેસાણાના ૩૯ ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ તાલીમ કાર્યક્રમમાં ખેડૂતોને જીવામૃત, ઘનજીવામૃત, નિમાસ્ત્ર, આચ્છાદન, દેશી ગાયનું મહત્વ તેમજ મિશ્ર અને આંતરપાકો અંગે પ્રાયોગિક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓને નરસંડા અને બોરીઆવીના પ્રગતિશીલ ખેડૂતોના ખેતરોની પ્રત્યક્ષ મુલાકાત કરાવી વ્યવહારુ પાસાઓ તથા કૃષિ પેદાશોના મૂલ્યવર્ધન વિશે માહિતગાર કરાયા હતા.



નડિયાદના શંકરપુરા આંગણવાડી ખાતે 'આંગણે ઉત્સવ' કાર્યક્રમ ધામધૂમથી યોજાયો



નડિયાદ | નડિયાદના શંકરપુરા આંગણવાડી ખાતે આઈસીડીએસ સુપરવાઈઝર અને સ્થાનિક અગ્રણીઓની ઉપસ્થિતિમાં 'આંગણે ઉત્સવ' કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત વક્તાઓ દ્વારા ગ્રામજનોને પોષણ અને સ્વચ્છતા અંગે ઉપયોગી સમજણ તથા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન બાળકો અને વિજેતા કિશોરીને ઈનામો તથા સગર્ભા અને ધાત્રી માતાઓને પોષણ કીટ એનાયત કરવામાં આવી હતી. સમુચિત સમાપન પ્રસંગે આંગણવાડીના તમામ લાભાર્થીઓને ફળ, સુખડી અને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કપડવંજ લાયન્સ ક્લબ દ્વારા નિરાધાર મહિલાઓ માટે ફૂડ વિતરણ યોજાયું



કપડવંજ | કપડવંજ લાયન્સ ક્લબ દ્વારા 'માનવ સેવા એ જ માધવ સેવા'ના સૂત્રને ચરિતાર્થ કરવા નિરાધાર મહિલાઓ માટે ફૂડ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના જરૂરિયાતમંદ ભાઈ-બહેનોની સેવા માટે લાયન્સ પરિવાર હંમેશાં તત્પર રહે છે તે આશય સાથે ક્લબ ખાતે આ આયોજન કરાયું હતું. આ પ્રસંગે લાયન પ્રમુખ મુકેશ તલાટી, મંત્રી દિનેશ પટેલ તથા ભૂતપૂર્વ ડિસ્ટ્રિક્ટ ગવર્નર પુનિત ભટ્ટ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે લાયન્સ ક્લબ કપડવંજના અન્ય સભ્યો અને હોદ્દેદારો પણ હાજર રહ્યા હતા.

કપડવંજની જીવનશિલ્પ પ્રાયમરી સ્કૂલમાં ઉત્સાહભેર ગાંધી જયંતીની ઉજવણી કરાઇ



કપડવંજ | જીવનશિલ્પ પ્રાયમરી સ્કૂલ, કપડવંજ ખાતે ગાંધી જયંતી નિમિત્તે કેમ્પસમાં સ્વચ્છતા જાગૃતિ રેલી અને સાફ-સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શાળાના ધોરણ ૧ થી ૮ ના બાળકો દ્વારા વિવિધ ડાન્સ, નાટક, એકપાત્રીય અભિનય, વક્તવ્યો તેમજ 'સ્વચ્છ અને વિકસિત ભારત મિશન' આધારિત ચાર્ટ અને પ્રોજેક્ટ્સનું પ્રદર્શન રજૂ કરાયું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત સંસ્થાના મંત્રી નિતિનભાઈ પટેલ અને ડાયરેક્ટર સિદ્ધાર્થ પટેલે બાળકોને ગાંધીજીના સત્ય, અહિંસા અને સ્વચ્છતાના આદર્શો અપનાવવા આહ્વાન કર્યું હતું.

કઠલાલ નગરપાલિકા હોલ ખાતે 'સંવેદના સેવા સેતુ' કાર્યક્રમ યોજવામાં આવ્યો

કઠલાલ | કઠલાલ-કપડવંજના ધારાસભ્ય રાજેશભાઈ ઝાલાના અધ્યક્ષસ્થાને કઠલાલ નગરપાલિકા હોલ ખાતે 'સંવેદના સેવા સેતુ' કાર્યક્રમ ભવ્ય રીતે યોજાયો હતો. આ પ્રસંગે મહાનુભાવો દ્વારા દીપ પ્રગટાવીને ખુલ્લા મુકાયેલા આ કાર્યક્રમમાં સવારે 9:00 થી સાંજે 5:00 વાગ્યા સુધી નગરજનોની રજૂઆતો સાંભળવામાં આવી હતી. જેમાં વોર્ડ નંબર 1 થી 6 ના રહીશો માટે આરોગ્ય, રોડ-રસ્તા, પાણી, વીજળી, આવકના દાખલા અને સિનિયર સિટીઝન કાર્ડ જેવા કામો માટે વિવિધ ટેબલ રાખવામાં આવ્યા હતા. ઉપસ્થિત અધિકારીઓ અને મહાનુભાવોની હાજરીમાં નાગરિકોના પડતર પ્રશ્નોનો સ્થળ પર જ ત્વરિત અને સંતોષકારક નિકાલ કરવામાં આવ્યો હતો.

